# લેખિત મુખ્ય પરીક્ષા ભાગ-૨ માટેની ઉમેદવારની સૂચનાઓ

## પરીક્ષા તારીખ : ૦૬/૧૦/૨૦૨૪ (રવિવાર)  સમય : ૧૨:૦૦ થી ૦૨:૦૦

૧. પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨. નિયત સમય પહેલાં એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.

૩. ગુજરાત સરકાર અને યુનિવર્સીટીનાં ધારા-ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરીનાં પત્રકમાંક : કવટ/ISC3/એન.ઓ.સી./૨૦૨૩-૨૪/૨૦૬૦૦-૨૦૬૦૫ તારીખ : ૧૦/૧૦/૨૦૨૩ની શરતોને આધીન રહેશે.

૪. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

૫. પરીક્ષા દરમિયાન આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલક્યુલેટર વગેરે જેવા કોઇ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૬. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેકશન કાર્ડ,ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઇપણ એક ઓળખપત્ર ની ઓરીજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.અન્યથા પરીક્ષાખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહિ.

૭. ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લ્યુ બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.અન્ય કોઈ પણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ O.M.R.શીટમાં કરવો નહિ.

૮. આ લેખિત પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગરના પ્રસ્થાપિત નિયમ મુજબ રહેશે.

૯. ભાગ-૨ ની મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે.જેમાં ૨૦૦ પ્રશ્નોના પ્રશ્ન દીઠ ૦૧(એક) ગુણ લેખે કુલ ૨૦૦ ગુણ રહેશે.

૧૦.પરીક્ષાનો સમય ૧૨૦ મિનીટનો રહેશે.

૧૧.ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૧૨.ખોટા જવાબદીઠ,છેકછાક વાળા,જવાબદીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે.નેગેટીવ માર્કિંગ પદ્ધતિ લાગુ પડશે.

૧૩.દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ " E " " Not Attempted " રહેશે.ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા નાં ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને " Not Attempted " વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહિ.

૧૪.પ્રશ્નનાં આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહિ કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કિંગ) કરવામાં આવશે.

પ્રમુખ / મંત્રી
કાંકરેજ તાલુકા કેળવણી મંડળ.
થરા.જિ.બનાસકાંઠા